જા.નં.મા-૪/ક.કે./૨૦૨૧-૨૨/ 13645

જિલ્લા શિક્ષણાધિકારી કચેરી
એ-૩, જિલ્લા સેવા સદન-૨,
અઠવાલાઈન્સ, સુરત
તા.24/૦૯/૨૦૨૧

પ્રતિ,
આચાર્યશ્રી,
ગ્રાન્ટેડ શાળાઓ તમામ,
જિ.સુરત, સુરત

**વિષય** : રાજ્યના બિન આદિજાતિ વિસ્તાર, આદિજાતિ વિસ્તાર અને ખાસ અંગભુત યોજના હેઠળના વિસ્તારની ધોરણ ૯ થી ૧૨ ની ગ્રાન્ટ-ઇન-એઇડ (નિભાવ અનુદાન લેતી) તથા ફી વિકલ્પ ધરાવતી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓની વિદ્યાર્થીનીઓને વિનામુલ્યે શિક્ષણ પુરુ પાડવા બાબત

**સંદર્ભ** – સં.શિ.નિ.ગાંધીનગરના પત્ર ક્રમાંકઃધ/માધ્ય/મા-૧/વિનામુલ્યેશિક્ષણ/૨૦૨૦-૨૧/૧૬૪૮૭-૫૨૦ તા.૦૫/૦૯/૨૦૨૦

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે, શિ.વિ.ના તા.૧૬/૦૫/૨૦૧૮ ના ઠરાવ ક્રમાંક બમશ/૩૦૯૨/ગ મુજબ ગ્રાન્ટ-ઇન-એઇડ અને ફી વિકલ્પ વાળી શાળાઓમાં અભ્યાસ કરતી વિદ્યાર્થીનીઓ ને વિના મુલ્યે શિક્ષણ પુરુ પાડવા માટેની જોગવાઈ કરવામાં આવેલ છે. આ અંગે અનુદાનિત શાળાઓમાં ગ્રાન્ટ ફાળવણી માટે આ સાથે સામેલ રાખેલ ફી ગણતરી પત્રક મુજબની માહિતી તૈયાર કરી **તા.૨૮/૦૯/૨૦૨૧ ના રોજ ૧૧:૦૦ કલાક થી ૦૪:૦૦ કલાક સુધીમાં ટી.એન્ડ.ટી.વી હાઈસ્કુલ, નાનપુરા**, ખાતે અચુક રજુ કરવું. જેથી માહિતીનું સંકલન કરી સમગ્ર જીલ્લાની માહિતી મે.કમિ.કચેરી ગાંધીનગર ગ્રાંટ ફાળવણી માટે મોકલી શકાય. માહિતી લઈને આવનાર કર્મચારીએ સોશિયલ ડિસ્ટન્સના નિયમોનું પાલન કરવાનું રહેશે.

**શરતોઃ-**

૧) આ યોજના જુન-૨૦૨૧ થી શરુ થનાર શૈક્ષણિક સત્રથી લાગુ પડશે.

૨) આ યોજનાનો લાભ હવે રાજ્યના સહાયક અનુદાન (ગ્રાન્ટેડ નિભાવ અનુદાન અને ફી વિકલ્પવાળી)થી ચાલતી બિન સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં ધોરણ ૯ થી ૧૨માં અભ્યાસ કરતી વિદ્યાર્થીનીઓ(કન્યાઓ) ને મળશે.

3) રાજ્ય સરકાર રાજ્યના સહાયક અનુદાન (ગ્રાન્ટેડ નિભાંવ અનુદાન અને ફી વિકલ્પવાળી) થી ચાલતી બિન સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં ધોરણ ૯ થી ૧૨માં અભ્યાસ કરતી વિદ્યાર્થીનીઓ(કન્યાઓ) પાસેથી કોઈ પણ પ્રકારની ફી લઇ શકશે નહિ.

૪) માત્ર નિભાવ ગ્રાન્ટ લેતી શાળાઓને વિદ્યાર્થીનીઓ(કન્યાઓ)ની ફીની રકમ સરભર કરી ગ્રાન્ટ સ્વરૂપે આપવામાં આવશે. જ્યારે ફી વિકલ્પવાળી શાળાઓને ગ્રાન્ટ સ્વરૂપે ભરપાઈ (reimburse) કરી આપવામાં આવશે.

૫) યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

**આપની માહિતી સમયસર ન મળવાને કારણે ગ્રાન્ટ ફાળવણી થશે નહી તો તે અંગેની જવાબદારી આપની રહેશે જેની નોંધ લેવી.**

જિલ્લા શિક્ષણાધિકારી
સુરત,જિ.સુરત

બીડાણ : પત્રક-૧ અને પત્રક-૨

Scanned with CamScanner

## ફી ગણતરી પત્રક-૧

| કન્યા કેળવણી અંતર્ગત ગ્રાન્ટ સહાયની માહિતી વર્ષ – ૨૦૨૧ - ૨૦૨૨ (નિભાવ અનુદાન લેતી શાળાઓ) | | | | | |
|---|---|---|---|---|---|
| શાળાનું નામ :-<br>આચાર્યનું નામ:- | | | ફોન.નં.-<br>મો.નં.- | | શાળા કો.કોડ- |
| શાળા :- આદિજાતિ/બિન આદિજાતિ/ખાસ અંગભુત | | | | | |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| ક્રમ | ધોરણ | કુલ કન્યાઓની સંખ્યા | એક કન્યા દીઠ ફીની રકમ | કુલ રકમ કોલમ ૩ અને ૪ નો ગુણાકાર | રીમાર્કસ |
| ૧. | ૯ | | ૭૫/ | | |
| ૨. | ૧૦ | | ૫૦/- | | |
| ૩. | ૧૧(સા.પ્ર.) | | ૧૮૦/- | | |
| ૪. | ૧૨(સા.પ્ર.) | | ૧૬૦/- | | |
| ૫. | ૧૧(વિ.પ્ર.) | | ૨૩૦/- | | |
| ૬. | ૧૨(વિ.પ્ર.) | | ૨૧૦/- | | |
| કુલ | | | | | |

સ્થળ :-

તારીખ :-

આચાર્યની સહી/સિક્કો

ઉક્ત માહિતીની ચકાસણી રેકર્ડ સાથે કરવામાં આવેલ છે.

Scanned with CamScanner

# ફી ગણતરી પત્રક-૨

| કન્યા કેળવણી અંતર્ગત ગ્રાન્ટ સહાયની માહિતી વર્ષ - ૨૦૨૧-૨૦૨૨ ફી વિકલ્પ વાળી શાળાઓ) | | | | | |
|---|---|---|---|---|---|
| શાળાનું નામ :-<br>આચાર્યનું નામ:- | | | | ફોન.નં.-<br>મો.નં.- | શાળા<br>ક્રો.કોડ- |
| શાળા :- આદિજાતિ/બિન આદિજાતિ/ખાસ અંગભુત | | | | | |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| ક્રમ | ધોરણ | કુલ કન્યાઓની સંખ્યા | એક કન્યા દીઠ ફીની રકમ | કુલ રકમ કોલમ ૩ અને ૪ નો ગુણાકાર | રીમાર્કસ |
| ૧. | ૯ | | ૭૨૦/- | | |
| ૨. | ૧૦ | | ૮૪૦/- | | |
| ૩. | ૧૧(સા.પ્ર.) | | ૯૬૦/- | | |
| ૪. | ૧૨(સા.પ્ર.) | | ૧૧૪૦/- | | |
| ૫. | ૧૧(વિ.પ્ર.) | | ૧૦૯૦/- | | |
| ૬. | ૧૨(વિ.પ્ર.) | | ૧૩૦૦/- | | |
| કુલ | | | | | |

આચાર્યની સહી/સિક્કો

સ્થળ :-

તારીખ :-

ઉક્ત માહિતીની ચકાસણી રેકર્ડ સાથે કરવામાં આવેલ છે.

Scanned with CamScanner